# કાર્યપાલક ઇજનેરશ્રીની કચેરી
# નવસારી કૃષિ યુનિવર્સિટી
# નવસારી, ગુજરાત-૩૯૬૪૫૦

NAVSARI AGRICULTURAL UNIVERSITY

## ~:: પરિપત્ર ::~

આથી નવસારી કૃષિ યુનિવર્સિટીના યુનિટ/સબ યુનિટ વડાશ્રીઓને જણાવવાનું કે, અત્રેની કચેરી દ્વારા કરવામાં આવેલ એ.આર.સી (સિવિલ) ની સમયમર્યાદા માહે ઓકટોબર-૨૦૨૪ દરમિયાન પૂર્ણ થયેલ છે. જેથી અત્રેની કચેરી દ્વારા આગામી સમયમાં સિવિલ કામગીરીઓની ટેન્ડરીંગની પ્રક્રિયા કામ વાઈઝ સેન્ટ્રલી હાથ ધરવામાં આવનાર છે. આપના વિભાગમાં નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માં ઉપલબ્ધ અનુદાનના સંદર્ભમાં સિવિલ કામગીરી કરવાની થતી હોય તો તે અંગેના અંદાજપત્રકો મેળવવા તેમજ આ અંદાજપત્રક મુજબ સક્ષમ કક્ષાએથી જરૂરી મંજૂરીઓ મેળવી અત્રેની કચેરીએ **તા. ૨૭/૧૨/૨૦૨૪ સુધીમાં જરૂરી માહિતી મોકલી આપવા જણાવવામાં આવે છે.**

સમયમર્યાદામાં આ કચેરીને મળેલ માહિતીને ધ્યાને લઇ તેનું એકત્રીકરણ કરી અત્રેની કચેરી દ્વારા સિવિલ કામગીરીના ટેન્ડરીંગની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. **સમયમર્યાદા બાદ આવેલ કોઈ પણ કચેરીની માહિતીને ધ્યાનમાં લેવામાં આવશે નહિ.**

10/12/24

જા.નં.નકૃયુ/કાઇ/બી-૨/૫૯૭૧/૨૦૨૪
નવસારી તા.૧૦/૧૨/૨૦૨૪

**કાર્યપાલક ઇજનેર**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

**નકલ સવિનય રવાના :**
**યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારશ્રીઓ તરફ જાણ તથા અમલ થવા સારુ.**

F:\PATIPATRA\B-2\સિવિલ કામગીરીનું સેન્ટ્રલી ટેન્ડર કરવા બાબત..docx